| | |
|---|---|
| દાખલ તારીખ | ૦૮–૧૧–૨૦૨૪ |
| રજીસ્ટર તારીખ | ૦૮–૧૧–૨૦૨૪ |
| ફેંસલ તારીખ | ૦૧–૦૮–૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ – માસ – દિવસ |
| | 01 – 08 – 24 |
| **Exh.** | **29** |

---

## નામદાર સાતમાં એડીશ્નલ સેશન્સ જજ અને સ્પેશ્યલ એટ્રોસીટી જજ સાહેબશ્રીની અદાલતમાં, (કોર્ટ નં.૭),ભુજ–કચ્છ.

---

**સેશન્શ કેસ નં.૯૯ સને ૨૦૨૪**

**<u>ફોર્મ – '' એ ''</u>**

| **નામદાર સેશન્શ જજ સાહેબશ્રીની અદાલતમાં, (કોર્ટ નં.૭),ભુજ–કચ્છ.** | |
|---|---|
| ચુકાદા તારીખ | **તા.૦૧/૦૮/૨૦૨૬** |
| ફોજદારી કેસ સંખ્યા | **૯૯ સને ૨૦૨૪** |
| ગુન્હાની વિગત | |
| ગુન્હાની કલમ | ભારતીય દંડ સંહિતા ની કલમ–૩૨૩,૨૯૪(ખ), ૫૦૬(૨),૧૧૪ મુજબ. |
| પ્રથમ માહિતી અહેવાલ સંખ્યા | નખત્રાણા પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નં.૧૧૨૦૫૦૩૫૨૩૦૫૨૬/૨૦૨૩ |
| પોલીસ સ્ટેશન | નખત્રાણા પોલીસ સ્ટેશન |
| ફરિયાદી | શ્રી સરકાર તરફે ફરિયાદી–અજય લાભશંકર પંડયા. |
| ફરિયાદપક્ષ તરફે પ્રતિનિધિત્વ કરનાર વિ.મદદનીશ સરકારી વકીલ | શ્રી પી.વી.વાણિયા–શ્રી એસ.એ.મહેશ્વરી |

(T. N. Khandhadiya)
7th Addl. Sessions Judge, Bhuj

| | |
|---|---|
| આરોપીઓ | **(૧) રાહુલ જિતેન્દ્ર ઉર્ફે જયંતીભાઇ ચાવડા**<br>ઉ.વ.૨૭,ધંધો:-ખેતી,રહે.ગામ-કોટડા તા.નખત્રાણા-કચ્છ.<br>**(૨) અરૂણ ચંદુભાઇ સોલંકી**,ઉ.વ.૨૪, ધંધો:-પ્રા.નોકરી,રહે.ગામ ટોડીયા, તા:નખત્રાણા-કચ્છ.<br>**(૩) વિજય દિનેશભાઇ ભટ્ટુ**,ઉ.વ.૨૩, ધંધો:-ખેતી,રહે.ગામ મથલ, તા:નખત્રાણા-કચ્છ.<br>**(૪) મયુર નવિનભાઇ ગરવા**,ઉ.વ.૨૮, ધંધો:-મજુરી,રહે.ગામ કોટડા, તા:નખત્રાણા-કચ્છ. |
| આરોપીઓ તરફે પ્રતિનિધિત્વ કરનાર વિ.વકીલશ્રી | વિ.વકીલશ્રી કે.એમ.પટેલ. |

**<u>ફોર્મ-"બી"</u>**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૦૫/૦૬/૨૦૨૩ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૦૫/૦૬/૨૦૨૩ |
| આખરી અહેવાલની તારીખ | ૦૪/૦૭/૨૦૨૩ |
| તહોમતનામુ ઘડયાની તારીખ | ૨૮/૧૦/૨૦૨૫ |
| પુરાવાની શરૂઆતની તારીખ | ૨૫/૦૨/૨૦૨૬ |
| જે તારીખે ચુકાદો અનામત રાખવામાં આવ્યો છે,તે તારીખ | ૦૩/૦૭/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૧/૦૮/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ,જો કોઇ હોય તો | -- |

**<u>આરોપીની વિગત</u>**

| આરોપી નો ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન પર છુટયાની તારીખ | ગુન્હાનો આરોપ મુકયો છે. | નિર્દોષ કે દોષિત | સજા લાદવામાં આવી | ફો.કા.સં.કલમ -૪૨૮ નાં હેતુ માટે ટ્રાયલ દરમિયાન અટકાયતની અવધિ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **રાહુલ જિતેન્દ્ર ઉર્ફે જયંતીભાઇ ચાવડા** | ૦૬/૦૬/૨૦૨૩ | ૦૭/૦૬/૨૦૨૩ | ઉપર મુજબ | નિર્દોષ | - | - |

(T. N. Khandhadiya)
7th Addl. Sessions Judge, Bhuj

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૨ | અરૂણ ચંદુભાઇ સોલંકી | ૦૬/૦૬/૨૦૨૩ | ૦૭/૦૬/૨૦૨૩ | ઉપર મુજબ | નિર્દોષ | – | – |
| ૩ | વિજય દિનેશભાઇ ભદ્રુ | ૦૬/૦૬/૨૦૨૩ | ૦૭/૦૬/૨૦૨૩ | ઉપર મુજબ | નિર્દોષ | – | – |
| ૪ | મયુર નવિનભાઇ ગરવા | ૦૬/૦૬/૨૦૨૩ | ૦૭/૦૬/૨૦૨૩ | ઉપર મુજબ | નિર્દોષ | – | – |

## ફોર્મ-સી

(એ) ફરિયાદપક્ષે તેમના કેસનાં સમર્થનમાં નીચે મુજબનો મૌખિક પુરાવો રજુ કરેલ છે.

| સાહેદ નંબર | આંક | સાહેદનાં નામ | વિગત |
|---|---|---|---|
| ૧ | ૧૫ | અજયભાઇ લાભશંકર પંડયા | ફરિયાદી |
| ૨ | ૧૭ | દિલીપ લાભશંકર પંડયા | સાહેદ |
| ૩ | ૧૮ | દર્શન અજયભાઇ પંડયા | સાહેદ |
| ૪ | ૨૫ | પુનશીભાઇ લખુભાઇ શેડા | તપાસ કરનાર અમલદાર |

(એ) ફરિયાદપક્ષે તેમના કેસનાં સમર્થનમાં નીચે મુજબનાં દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

| અનુક્રમ નંબર | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૬ | અસલ ફરીયાદ |
| ૨ | ૧૯ | પંચનામું |
| ૩ | ૨૦ | અટક પંચનામું |
| ૪ | ૨૧ | સારવાર સર્ટીફીકેટ |

## -// ચુ કા દો //-

(૧) આ કામેના આરોપીઓએ ફરીયાદીને તથા સાહેદ દિલીપભાઇને ધકબુશટનો મુઢમાર મારી મુઢ ઇજાઓ તેમજ હાથપાઇ કરી મા બેન સમી ભુંડી

ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરેલ હોવાનાં આક્ષેપ છે.

**<u>ફરિયાદપક્ષનાં કેસની વિગત :</u>**

(૨) આ કામનાં ફરિયાદી અજયભાઇ લાભશંકર પંડયા રહે.કોટડા, તા.નખત્રાણા–કચ્છ નાઓ દ્વારા તા:–૦૫/૦૬/૨૦૨૩ નાં રોજ નખત્રાણા પોલીસ સ્ટેશનનાં એ.એસ.આઇ.શ્રી પુનશીભાઇ એલ.સેડા સમક્ષ જાહેર કરવામાં આવેલ ફરિયાદ હકીકત મુજબ આ કામેના આરોપીએ ફરીયાદીને તથા સાહેદ દિલીપભાઇને ધકબુશટનો મુઢમાર મારી મુઢ ઈજાઓ તેમજ હાથપાઇ કરી મા બેન સમી ભુંડી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુન્હો કરેલ.

**<u>ચાર્જશીટ તથા કમીટ અંગેની કાર્યવાહી</u>**

(૩) ઉપરોકત વિગતવારની ફરિયાદ શ્રી પુનશીભાઇ એલ.સેડા, એ.એસ.આઇ,નખત્રાણા પોલીસ સ્ટેશનનાંઓએ ફરિયાદીનાં લખાવ્યા મુજબ નોંધી ગુન્હો દાખલ થવા ફરિયાદ નખત્રાણા પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નં.૧૧૨૦૫૦૩૫૨૩૦૫૨૬/૨૦૨૩ થી આરોપીઓ વિરૂધ્ધ આઇ.પી.સી.ની. કલમ–૩૨૩,૨૯૪(બી),૫૦૬(૨),૧૧૪ મુજબનો ગુન્હો નોંધી આગળ ની તપાસ એ.એસ.આઇ.પુનશીભાઇ લાખુભાઇ શેડાનાઓને સોંપતા તેઓએ કાગળોનો અભ્યાસ કરી,ફરિયાદીનું વિશેષ નિવેદન લીધેલ,બનાવવાળી જગ્યાનું પંચનામુ કરેલ,લાગતા–વળગતા સાહેદોનાં નિવેદનો લીધેલા,આરોપીઓને અટક પંચનામાની વિગતે અટક કરેલ,બનાવવાળી જગ્યાનું પચંનામું કરેલ,અને આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોઇ તપાસનાં અંતે આરોપી વિરૂધ્ધ અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ શ્રી નખત્રાણાની અદાલતમાં રજુ કરેલ જે અધિક ચિફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ શ્રી નખત્રાણા કોર્ટનાં ફોજદારી કેસ રજીસ્ટરે ફોજદારી કેસ નં.૫૫૫/૨૦૨૪ થી નોંધવામાં

આવેલો.

(૩.૧) આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો પુરી પાડેલ. ત્યારબાદ આરોપીઓ વિરૂધ્ધ નામદાર છઠા અધિક સેશન્સ તથા સ્પેશ્યલ એટ્રોસીટી જજ સાહેબશ્રી ભુજ–કચ્છની કોર્ટના સ્પેશ્યલ એટ્રોસીટી કેસ નં.૩૩/૨૦૨૩ વાળાનો આ કેસ ક્રોસ કેસ હોય અધિક ચિફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ શ્રી નખત્રાણા–કચ્છનાંઓ ધ્વારા સદર કેસ ક્રિ.પો.કોડની કલમઃ–૨૦૯(૧) અન્વયે તાઃ–૦૭/૧૦/૨૦૨૪ નાં રોજનાં હુકમથી સેશન્સ અદાલતમાં કમીટ કરવાનો હુકમ કરવામાં આવતા સદર કેસ સેશન્સ કેસ નં.૯૯/૨૦૨૪ થી નોંધવામાં આવેલો.

<u>ત્હોમતનામા</u>

(૪) ત્યારબાદ આરોપીઓ અદાલત સમક્ષ હાજર થતા આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ ની જોગવાઇ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડી આંકઃ–૦૬ થી આરોપીઓ વિરૂધ્ધ આઇ.પી.સી.ની કલમ–૩૨૩,૨૯૪(બી),૫૦૬(૨),૧૧૪ મુજબનાં ગુન્હાઓનું ત્હોમત નામુ ફરમાવી વાંચી સંભળાવી આંકઃ–૦૭ થી આંકઃ–૧૦ સુધી આરોપીઓનું નિવેદન લેતા આરોપીઓ દ્રારા ગુન્હાનો ઈન્કાર કરી કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવાવની માંગણી કરતા કેસ આગળ ચલાવવામાં આવેલ.

(૫) ત્યારબાદ આ કામે ઉપરોકત ફોર્મ–સી મુજબનાં સાહેદોનો પુરાવો નોંધવામાં આવેલ છે અને વિ.એ.પી.પીશ્રીએ આંકઃ–૨૬ ની પુરશીશથી બાકીનાં સાહેદોને ડ્રોપ કરતા હોવાનું જાહેર કરી આંકઃ–૨૭ ની પુરશીશથી ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયેલાનું જાહેર કરેલ છે.

**<u>આરોપીનું વિશેષ નિવેદન</u>**

(૬) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન લેવામાં આવેલુ.જેમાં આરોપીઓ દ્વારા ફરિયાદપક્ષનો પુરાવો તેમની રૂબરૂ અને સાંભળતા લેવામાં આવેલ હોવાની હકીકત સ્વીકારી, બાકીનાં ફરિયાદપક્ષનાં તેઓ વિરૂધ્ધનાં અન્ય પુરાવાની હકીકત અંગે ખોટી વાત હોવાનું,માહિતી ન હોવાનું,ફરિયાદ ખોટી આપેલ હોવાનું તથા ખોટી તપાસ હોવાનું જણાવી સોગંદ ઉપર જુબાની આપવા તથા બચાવનાં સાહેદો તપાસવાનો ઈન્કાર કરી વિશેષમાં જણાવેલ છે કે,તેઓ આરોપીઓ નિર્દોષ છે તેથી તેઓને નિર્દોષ છોડી મુકવા અરજ કરેલ છે.

**<u>ફરિયાદ પક્ષની દલીલ:–</u>**

(૭) આ કામે ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ પોતાની દલીલમાં જણાવેલ છે કે આરોપીઓ વિરૂધ્ધ આંક:–૦૬ થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે અને કુલ–૦૪ સાક્ષીઓને તપાસવામાં આવેલા છે અને તેને આનુસંગિક દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે. આ તમામ પુરાવાઓ પરથી ફરિયાદપક્ષ તેઓનો કેસ સાબિત કરવામાં સફળ થયેલ થયેલ હોવાની રજુઆત થયેલ છે અને આરોપીઓને તકસીરવાન ઠરાવવા અરજ કરેલ છે.

**<u>બચાવપક્ષની દલીલ:–</u>**

(૮) સદર કામમાં આરોપીઓનાં વિ.વકીલશ્રીએ પોતાની દલીલમાં જણાવેલ છે કે આ કામનાં ફરિયાદી અને સાહેદોએ ફરિયાદપક્ષનાં કેસને અનુરૂપ કોઈ જ પુરાવો આપેલ નથી અને ફરિયાદપક્ષનાં કેસને સમર્થન કરેલ નથી અને તેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

**<u>મુદાઓ:–</u>**

(૯) આ કેસનાં ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબનાં મુદાઓ

ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદપક્ષ વાજબી શંકાથી પર પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા:૦૫/૦૬/૨૦૨૩ ના રોજ ફરીયાદીને તથા સાહેદ દિલીપભાઇને ધકબુશટનો મુઢમાર મારી મુઢ ઈજાઓ તેમજ હાથપાઇ કરી મા બેન સમી ભુંડી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી આઇ.પી.સી.કલમ: ૩૨૩,૨૯૪(બી),૫૦૬(૨),૧૧૪,મુજબનો શિક્ષા ને પાત્ર ગુન્હો કરેલો છે ?

(૨) શું હુકમ ?

(૧૦) આ મુદાઓ પરત્વેનાં મારા ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમા.

(૨) આખરી હુકમ મુજબ.

**-:: કારણો ::-**

**મુદા નંબર ૧ ની ચર્ચા:-**

(૧૧) ફોજદારી કાર્યપ્રણાલીનાં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ અને ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૧૦૧ ની જોગવાઈ ધ્યાને લેતાં ફરીયાદપક્ષ ઉપર તેઓનો કેસ વાજબી શંકાથી પર પુરવાર કરવાની જવાબદારી રહેલી છે. ફરીયાદપક્ષ ધ્વારા પોતાનો કેસ પુરવાર કરવામાં સામાપક્ષની નબળાઈનો કોઈ લાભ લેવાનો હોતો નથી, પરંતુ પોતે રજુ કરેલ પુરાવાથી આરોપી સામેનો આક્ષેપ નિઃશંકપણે પુરવાર કરવાનો રહે છે. જેટલા ગંભીર ગુનાનાં આક્ષેપ તેટલી જ ઉંચી ગુણવત્તાનાં પુરાવાની અપેક્ષા ફરીયાદપક્ષ ઉપર હોય છે. પુરાવાના કાયદાના સ્થાપિત સિધ્ધાંતો અનુસાર, વિસંગતતા માટેનાં ઘણાં કારણો હોય શકે છે જેમ કે, સમયની સાથે યાદ શકિતમાં ઘટાડો, બનાવને નિહાળવાની શકિતમાં તફાવત, માનસિક તણાવ, બનાવ સમયે લાગેલ આઘાત પણ વિસંગતતા માટેનાં કારણો હોય શકે છે. વધુમાં જયારે અન્ય પુરાવો વિશ્વસનીય હોય ત્યારે થોડી માત્રામાં

પુરાવામાં આવેલ વિસંગતતાનો લાભ આરોપીઓને મળી શકે નહીં. વધુમાં પુરાવાનું મુલ્યાંન કરતાં સમયે નિર્દોષ દંડાય નહીં અને દોષિત છુટી ન જાય તેનું પુરતું ધ્યાન રાખવું જરૂરી છે. જેથી પુરાવાનું મૂલ્યાંકન સમગ્ર બનાવની હકીકત અને રેકર્ડ ઉપર આવેલ હકીકતોને ધ્યાનને લઇ કરવું જરૂરી છે. વધુમાં જયાં સુધી આરોપીઓ ગુનેગાર પુરવાર ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તેવું અનુમાન કરવાનું રહે છે. વધુમાં ફરીયાદપક્ષ દ્વારા તેઓનો કેસ વાજબી શંકાથી પર પુરવાર કરવાની જવાબદારી રહેલ છે. વધુમાં જો પુાવામાં કોઇપણ શંકા ઉત્પન્ન થાય તો તે શંકાનો લાભ આરોપીને મળવાપાત્ર છે. વધુમાં પુરાવાની સંખ્યા કરતાં પુરાવાની ગુણવત્તા ઉપર વધુ આધાર હોય છે. ગુનો જેટલો ગંભીર તેટલો જ સચોટ અને વિશ્વસનીય પુરાવાની અપેક્ષા રાખવામાં આવતી હોય છે અને જો ફરીયાદપક્ષનો પુરાવો વિશ્વસનીય ન હોય તો તેવા પુરાવા ઉપર આધાર રાખી આરોપીને ગુના સાથે સાંકળી તકસીરવાન ઠરાવી શકાય નહિ.

**<u>બનાવ સંબંધના મુખ્ય સાહેદો</u>**

(૧૨) આ કામે સાહેદ નં.(૧) ફરિયાદી અજયભાઇ લાભશંકર પંડયાને આંક:-૧૫ થી તપાસવામાં આવેલ છે અને તેઓએ એવો પુરાવો આપેલ છે કે,તેઓ તેમના પરિવાર સાથે કોટડા જડોદર ખાતે રહે છે અને તેઓ બે ભાઈ છીએ અને તેઓના લગ્ન આજથી આશરે ૨૬ વર્ષ પહેલા થયેલ અને તેઓને બે દીકરા છે.વધુમાં ફરિયાદી તેમની જુબાનીમાં જણાવે છે કે તેઓનો દીકરો દર્શન માર્કેડ યાર્ડમાં નોકરી કરે છે અને આજથી આશરે ત્રણેક વર્ષ પહેલા રાત્રીના સમયે ઘરે આવી અને તેઓને વાત કરેલ કે રાહુલ જયંતી ચાવડા સાથે સામાન્ય બોલાચાલી થયેલી છે અને તેથી તેઓ અને તેમનો ભાઈ દીલીપ વથાણ ચોકરમાં ગયેલા હતા ત્યાં દર્શન બાબતે તેઓએ તેની સાથે સામાન્ય વાતચીત કરેલી અને તે વખતે રાહુલ તેમજ અરુણ સોલંકી તથા વિજય અને મયુર સાથે તેઓ બે ભાઇઓની સામાન્ય બોલાચાલી

(T. N. Khandhadiya)
7th Addl. Sessions Judge, Bhuj

થયેલી.વધુમાં ફરિયાદી તેમની જુબાનીમાં જણાવે છે કે ત્યાં કોઇ વ્યકિતઓએ તેઓના ભાઇને મારકુટ કરેલ હોય અને કંઇ બોલેલ હોય તેવુ બનેલ નથી.વધુમાં ફરિયાદીને તેમની જુબાની દરમ્યાન અસલ ફરીયાદની ખરી નકલ બતાવવામાં આવે છે જેમાં તેઓની સહી છે જે ઓળખી બતાવે છે જે આંક:-૧૬ થી રજુ છે.વધુમાં ફરિયાદી તેમની જુબાનીમાં જણાવે છે કે આ કામના આરોપીઓ તેઓના ગામના હોઇ જેથી તેમને ઓળખે છે.

(૧૩.૧) બચાવપક્ષ તરફે સદર ફરિયાદીની કરવામાં આવેલ ઉલટ તપાસ લક્ષમા લેતાં તે વાત કબુલ કરેલ છે કે,આરોપી સાથે તેઓની માત્ર સામાન્ય બોલાચાલી થયેલી તે સીવાય કંઇ બનાવ બનેલ નથી.તે વાત કબુલ કરેલ છે કે બનાવમાં તેઓને કોઇ ઇજા થયેલ નથી કે તેઓએ કોઇ સારવાર લીધેલ નથી.તે વાત કબુલ કરેલ છે કે પોલીસે તેઓની તૈયાર લખાણમાં સહી લીધેલી તેમાં શું હકીકત લખેલી હતી તેની તેઓને માહીતી નથી.

(૧૪) ફરિયાદપક્ષ તરફે સાહેદ નં.(૨) સાહેદ દિલીપ લાભશંકર પંડયાને આંક:-૧૭ થી તપાસવામાં આવેલા છે અને તેઓએ એવો પુરાવો આપેલ છે કે,તેઓ તેમના પરિવાર સાથે કોટડા જડોદર ખાતે રહે છે અને તેઓ બે ભાઇ છીએ અને તેઓના લગ્ન થઇ ગયેલ છે અને તેઓને સંતાનમાં એક દીકરી અને એક દીકરો છે.વધુમાં સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે તેઓના ભાઇનો દીકરો દર્શન માર્કેડ યાર્ડમાં નોકરી કરે છે અને આજથી આશરે ત્રણેક વર્ષ પહેલા રાત્રીના સમયે ઘરે આવી અને તેઓના ભાઇ અજયને વાત કરેલ કે રાહુલ જયંતી ચાવડા સાથે સામાન્ય બોલાચાલી થયેલી છે અને તેથી તેઓ અને તેમનો ભાઇ અજય વથાણ ચોકમાં ગયેલા હતા ત્યાં દર્શન બાબતે તેઓને તેની સાથે સામાન્ય વાતચીત કરેલી અને તે વખતે રાહુલ તેમજ અરુણ સોલંકી તથા વિજય અને મયુર સાથે તેઓ બે ભાઇઓની સામાન્ય બોલાચાલી થયેલી.વધુમાં સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે ત્યાં કોઇ વ્યકિતઓએ તેઓના ભાઇને મારકુટ કરેલ હોય અને કંઇ બોલેલ

હોય તેવુ બનેલ નથી.વધુમાં સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે પોલીસે તેઓની પુછપરછ કરેલી અને આ કામના આરોપીઓ તેઓના ગામના હોઇ જેથી તેમને ઓળખે છે.

(૧૪.૧) બચાવપક્ષ તરફે સદર સાહેદની કરવામાં આવેલ ઉલટ તપાસ લક્ષમાં લેતા તે વાત કબુલ કરેલ છે કે,આરોપી સાથે તેઓની માત્ર સામાન્ય બોલાચાલી થયેલી તે સીવાય કંઇ બનાવ બનેલ નથી.તે વાત કબુલ કરેલ છે કે બનાવમાં તેઓને કોઇ ઇજા થયેલ નથી કે તેઓએ કોઇ સારવાર લીધેલ નથી.તે વાત કબુલ કરેલ છે કે પોલીસે તેઓની તૈયાર લખાણમાં સહી લીધેલી તેમાં શું હકીકત લખેલી હતી તેની તેઓને માહીતી નથી.તે વાત કબુલ કરેલ છે કે તેઓએ હોસ્પીટલમાં ડોકટરને કંઇ રીતે ઇજા થયેલ અને કોણે ઇજા કરેલ તે બાબતે જણાવેલ નહી.

(૧૫) ફરિયાદપક્ષ તરફે સાહેદ નં.(૩) સાહેદ દર્શન અજયભાઇ પંડયાને આંક:-૧૮ થી તપાસવામાં આવેલા છે અને તેઓએ એવો પુરાવો આપેલ છે કે, તેઓ તેમના પરિવાર સાથે કોટડા જડોદર ખાતે રહે છે અને તેઓ બે ભાઇ છીએ અને તેઓ નખત્રાણા ઓશેપી માર્કેટમાં પ્રા. નોકરી કરે છે.વધુમાં સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે તેઓ નોકરી પર હાજર હોઉ ત્યારે અને ત્યાંથી પરત આવતાં આજથી આશરે ત્રણેક વર્ષ પહેલા રાત્રીના સમયે ઘરે આવી તેઓએ તેમના પિતાને વાત કરેલ કે રાહુલ જયંતી ચાવડા સાથે તેઓને ઓશીપી માર્કેકટમાં સામાન્ય બોલાચાલી થયેલી છે અને તેથી તેઓના પિતા તથા તેઓના કાકા વથાણ ચોકમાં ગયેલા હતા અને ત્યાં તેઓના બાબતે તેઓએ રાહુલ સાથે સામાન્ય વાતચીત કરેલી અને તે વખતે રાહુલ તેમજ અરુણ સોલંકી તથા વિજય અને મયુર હાજર હતા અને તે વખતે તેઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી.વધુમાં સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે ત્યાં કોઇ વ્યકિતઓએ તેઓના કાકા તથા તેઓના પિતાને મારકુટ કરેલ હોય અને કંઇ બોલેલ હોય તેવુ બનેલ નથી.વધુમાં સાહેદ તેમની

જુબાનીમાં જણાવે છે કે પોલીસે તેઓની પુછપરછ કરેલી અને આ કામના આરોપીઓ તેઓના ગામના હોઇ જેથી તેમને ઓળખે છે.

(૧૫.૧) બચાવપક્ષ તરફે સદર સાહેદની કરવામાં આવેલ ઉલટ તપાસ લક્ષમાં લેતા તે વાત કબુલ કરેલ છે કે,આરોપી સાથે તેઓની માત્ર સામાન્ય બોલાચાલી થયેલી તે સીવાય કંઇ બનાવ બનેલ નથી.તે વાત કબુલ કરેલ છે કે બનાવમાં તેઓને કોઇ ઇજા થયેલ નથી કે તેઓએ કોઈ સારવાર લીધેલ નથી.તે વાત કબુલ કરેલ છે કે પોલીસે તેઓની તૈયાર લખાણમાં સહી લીધેલી તેમાં શું હકીકત લખેલી હતી તેની તેઓને માહીતી નથી.

(૧૬) આરોપીઓના વિ.વકીલશ્રી દ્વારા સ્થાનિક જગ્યાનું પંચનામું,અટક પંચનામું તથા સારવારસર્ટી કબુલ કરતા હોઇ ફરીયાદપક્ષના પુરાવામાં સદર દસ્તાવેજોને આંકે પાડવામાં આવે છે જે દસ્તાવેજો આંક:-૧૯ થી આંક:-૨૧ સુધી રજુ છે.

**<u>પોલીસ સાહેદોનો પુરાવો</u>**

(૧૭) ફરિયાદપક્ષ તરફે સાહેદ નં.(૪) તપાસ કરનાર અમલદાર પુનશીભાઇ લાખુભાઇ શેડાને આંક:-૨૫ થી તપાસવામાં આવેલા છે અને તેઓએ એવો પુરાવો આપેલ છે કે,તા. ૯/૬/૨૦૨૩ ના રોજ તેઓની નોકરી એ.એસ.આઇ.તરીકે નખત્રાણા પોલીસ સ્ટેશન ખાતે હતી તે દરમ્યાન ફરીયાદી અજય લાભશંકર પંડયાએ તેઓના રૂબરૂ ફરીયાદ આપેલી તે તેમના લખાવ્યા મુજબની આરોપીઓ રાહુલ જયંતીભાઇ ચાવડા વિ.૪ વિરુધ્ધ લખી લીધેલી જે યાદી સાથે પી.એસ.ઓ.ને ગુનો દાખલ થવા માટે આપતાં તેમણે નખત્રાણા પોલીસ સ્ટેશન ખાતે ગુના રજી નં.પ૨૬/૨૦૨૩,ઇ.પી.કો. કલમ-૩૨૩ વિગેરે મુજબનો ગુનો આરોપીઓ વિરુધ્ધ ગુનો દાખલ કરેલો જે તપાસ તેઓની તરફ ડેપ્યુટ કરવામાં આવેલી.વધુમાં તપાસ કરનાર અમલદાર તેમની જુબાનીમાં જણાવે છે કે તેઓએ બનાવવાળી જગ્યાએ જઇ બે પંચોની

હાજરીમાં પંચનામું કરેલ અને લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલા અને આરોપીઓને તા.૬/૬/૨૩ના રોજ અટક પંચનામાની વિગતે બે પંચોની હાજરીમાં અટક કરેલ તેમજ અટકની જાણ તેમના સબંધીઓને કરેલી તેમજ સારવાર સર્ટીફીકેટ આવી જતાં કામમાં સામેલ રાખેલ તથા તપાસ દરમ્યાન આરોપીની વધુ જરુરીયાત ન હોઈ રીપોર્ટ સાથે નામ. કોર્ટમાં મોકલી આપેલા.વધુમાં તપાસ કરનાર અમલદારને તેમની જુબાની દરમ્યાન આંક:-૧૬ વાળી અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જે તેઓને તપાસના કામે મળેલ તે તે જ છે.વધુમાં તપાસ કરનાર અમલદારને તેમની જુબાની દરમ્યાન આંક:-૧૯ તથા આંક:-૨૦ વાળા પંચનામા બતાવવામાં આવે છે જેમાં પંચોએ તેઓની રૂબરૂમાં સહી કરેલી અને રૂબરૂ પણામાં તેઓની સહી છે જે ઓળખી બતાવે છે.વધુમાં તપાસ કરનાર અમલદારને તેમની જુબાની દરમ્યાન આંક:-૨૧ વાળુ સારવાર સર્ટીફીકેટ બતાવવામાં આવે છે જે તે જ છે.

(૧૭.૧) બચાવપક્ષ તરફે સદર તપાસ કરનાર અમલદારની કરવામાં આવેલ ઉલટ તપાસ લક્ષમાં લેતા તે વાત કબુલ કરેલ છે કે,ફરીયાદીએ ફરીયાદ એક દીવસ મોડી કરેલી હતી.

**<u>પુરાવાનું મુલ્યાંકન</u>**

(૧૮) આ કામે રજુ થયેલ તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું સમગ્ર રીતે મુલ્યાંકન કરવામાં આવે તો,ફરિયાદપક્ષના કેસ મુજબ આ કામેના આરોપીઓએ ફરીયાદીને તથા સાહેદ દિલીપભાઇને ધકબુશટનો મુઢમાર મારી મુઢ ઇજાઓ તેમજ હાથપાઇ કરી મા બેન સમી ભુંડી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરેલ હોવાનાં આક્ષેપ છે.

(૧૮.૧) આ કામે ફરીયાદી અજયભાઇ લાભશંકર પંડયા આંક:-૧૫ દ્વારા,આ કોર્ટ સમક્ષ આપવામાં આવેલ પુરાવા અનુસાર આરોપીઓએ તેઓની સાથે સામાન્ય બોલાચાલી કરેલી અને તે સિવાય કાંઇ બનેલ નહી.

તેઓને કોઇ વ્યકિતએ કંઇ બોલેલ હોય કે તેઓના ભાઇને મારકુટ કરેલ હોય તેવુ બનેલ નથી.વધુમાં ફરીયાદી તેઓની ઉલટ તપાસમાં એવી હકીકત સ્વીકારેલ છે કે,આરોપી સાથે તેઓની માત્ર સામાન્ય બોલાચાલી થયેલી તે સીવાય કંઇ બનાવ બનેલ નથી તેમજ બનાવમાં તેઓને કે તેમના ભાઇને ઇજા થયેલ નથી કે તેઓએ કોઇ સારવાર લીધેલ નથી તેમજ પોલીસે તેઓની તૈયાર લખાણમાં સહી લીધેલી તેમાં શું હકીકત લખેલી હતી તેની તેઓને માહીતી નથી.આ કામે ફરીયાદી સિવાયના અન્ય સાહેદ દિલીપભાઇ પુરાવો આંક:-૧૭ તથા સાહેદ દર્શનભાઇ આંક:-૧૮ થી રજુ થયેલ છે અને તેઓ બનાવમાં ભોગબનનાર છે તેઓની જુબાની ધ્યાને લેતા તેઓએ પણ બનાવમાં સામાન્ય બોલાચાલી થયેલ હોવાનું જણાવે છે તેમજ બનાવમાં તેઓને કોઇએ માર મારેલ હોઇ અને તેઓએ સારવાર લીધેલ હોય તેવુ બનેલ નહી હોવાનું જણાવલ છે. આમ,ખુદ ફરીયાદી અને સાહેદો કે જે બનાવમાં ભોગબનનાર છે તેઓ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કારી પુરાવો આપતા ન હોય ત્યારે અન્ય સાહેદોના મૌખિક પુરાવાથી ફરીયાદપક્ષના કેસને કોઇ જ સમર્થન પ્રાપ્ત થતુ નથી ત્યારે ફરીયાદપક્ષનો કેસ સાબિત થતો નથી. આ કામે અન્ય કોઇ સ્વતંત્ર સાહેદોનો પુરાવો રેકર્ડ પર નથી અને તે રીતે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાથી આરોપીઓ સામેના આક્ષેપિત ગુનાના તહોમતોને સમર્થન મળતુ નથી. આમ,આ કામે રજુ થયેલ મૌખિક પુરાવાઓ અનુસાર આરોપીઓએ ફરીયાદીને તથા સાહેદ દિલીપભાઇને ધકબુશટનો મુઢમાર મારી મુઢ ઇજાઓ તેમજ હાથપાઇ કરી મા બેન સમી ભુંડી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવી હકીકત સાબિત થતી નથી. આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાનું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરતાં આરોપીઓએ કોઇ જ આક્ષેપિત ગુના કરેલાની હકીકત રેકર્ડ પર સાબિત થયેલ નથી અને તેથી આરોપીઓને આ કામે આક્ષેપિત તહોમતો માટે જવાબદાર ઠરાવી શકાય તેમ નથી.

(૧૯) આ કામે ઉપરોકત પુરાવાની ચર્ચા અનુસાર ફરિયાદપક્ષ આરોપી સામેનાં તહોમત વ્યાજબી શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ મુદા નં.(૧) નો જવાબ **નકારમા** આપી મુદા ૨ પરતવે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**::- હુકમ ::-**

(૧) ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૨૩૫ (૧) અન્વયે આ કામનાં આરોપીઓ **(૧) રાહુલ જિતેન્દ્ર ઉર્ફે જયંતીભાઇ ચાવડા,**ઉ.વ. ૨૭,ધંધો:-ખેતી,રહે.ગામ-કોટડા,તા.નખત્રાણા **(૨)અરૂણ ચંદુભાઇ સોલંકી**,ઉ.વ.૨૪,ધંધો:-પ્રા.નોકરી,રહે. ગામ,ટોડીયા, તા:નખત્રાણા,કચ્છ.**(૩) વિજય દિનેશભાઇ ભદ્રુ,** ઉ.વ.૨૩, ધંધો:-ખેતી,રહે.ગામ મથલ,તા:નખત્રાણા-કચ્છ.**(૪) મયુર નવિનભાઇ ગરવા,**ઉ.વ.૨૮,ધંધો:-મજુરી,રહે.ગામ કોટડા,તા: નખત્રાણા-કચ્છનાં ઓને તેઓની સામેનાં ભારતીય દંડ સંહિતા ની કલમ-૩૨૩,૨૯૪(બી),૫૦૬(૨),૧૧૪ મુજબનાં શિક્ષા પાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીના ખત તથા જામીન ખત આથી રદ કરવામાં આવે છે.

(૩) ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૪૩૭ (એ) ની જોગવાઇ અન્વયે આરોપીએ રૂ.૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા) નાં સધ્ધર જામીન અપીલ પિરીયેડ ૬(છ) માસનાં સમયગાળા માટેનાં આપવા.

આ હુકમ આજરોજ તા:-૦૧ માહે ઓગસ્ટ,સને ૨૦૨૬ નાં રોજ મારી સહી કરીને ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા:-૦૧/૦૮/૨૦૨૬
ભુજ-કચ્છ.
*R.L GADHAVI*

**(તુષાર નિતીનભાઇ ખંધડીયા)**
સાતમા અધિક સેશન્સ જજ
ભુજ-કચ્છ.GJ00953

(T. N. Khandhadiya)
7th Addl. Sessions Judge, Bhuj